જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૧૨/૨૦૧૮ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૬૯/૧૮**

**એલીસબ્રીજઃ** કેવલબહેન બાબુભાઈ શેખ (રહે.બેરલ માર્કેટની અંદર, ડાયમંડ ઈસ્કોલ પાસે ચંડોળા તળાવ શાહેઆલમનગર દાણીલીમડા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૨/૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે વા.સા.હોસ્પીટલ ખાતે અજાણી વ્યક્તિએ કેવલબહેનની કપડાની થેલીને બ્લેડ વડે ચેકો મારી થેલી કાપી તેમાંથી લેડીઝ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીના ચાર વિસીયા અને ચાંદીનુ પેન્ડલ કિમત રૂપિયા ૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦-/ મળી કુલ રૂપિયા ૨૧,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૦/૧૮**

**કારંજઃ** રીઝવાના મતીનઅહેમદ શેખ (ઉ.વ.૪૭) (રહે. મયુદીનની ચાલી બીલાલ મસ્જીદ પથ્થરકુવા) એ અગમ્ય કારણસર તા.૪/૧૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાની ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.